ગાંધીનગર સમાચાર

# એડવેન્ચરની પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા રાજ્યના યુવા સાહસિકો માટે 'નેશનલ એડવેન્ચર ફેસ્ટીવલ-૨૦૨૧'માં જોડાવા તક

**ચંદીગઢ ખાતે યોજાનાર આ ફેસ્ટીવલમાં જોડાવા એડવેન્ચર એક્ટીવીટીઝ સાથે સંકળાયેલા ૧૫ થી ૨૯ વર્ષના યુવા સાહસિકો ૨૪ ડિસેમ્બર સુધી અરજી કરી શકશે**

ગાંધીનગર, તા. ૨૦

ટ્રેકીંગ, રોક ક્લાઈમ્બીંગ, પેરાસેઈલીંગ, રીવર રાફટીંગ, રેપ્લીંગ, સ્નો સ્કીઈંગ, રાઈફલ શુટીંગ, આર્ચરી, કાયાકીન્ગ અને સ્વીમીંગ સહિતની એડવેન્ચરની પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા રાજ્યના સાહસિક યુવક/યુવતીઓને ''નેશનલ એડવેન્ચર ફેસ્ટીવલ-૨૦૨૧લ્લલ્લમાં જોડાવા રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરશ્રીની યાદીમાં જણાવાયુ છે.

ચંદીગઢ ખાતે યોજાનાર આ ૨૭માં ''નેશનલ એડવેન્ચર ફેસ્ટીવલ-૨૦૨૧લ્લલ્લ માં જોડાવા ઈચ્છુક એડવેન્ચર એક્ટીવીટીઝ સાથે સંકળાયેલા ૧૫ થી ૨૯ વર્ષના કુલ–૨૦ યુવા સાહસિકોને સરકારશ્રીના ખર્ચે લઈ જવામાં આવશે અને તે માટે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતે અરજીઓ મંગાવવામાં આવી છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુંસાર આ માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. અરજીનો નમૂનો આ કચેરીની વેબસાઈટ https://commisynca.gujarat.gov.in/application-forms પરથી મેળવીને જરુરી દસ્તાવેજો સાથે મોકલવાની રહેશે. સાહસિક પ્રવૃત્તિ અંગેની પ્રાથમિક જાણકારી હોવી જરૂરી છે અને સાહસિક પ્રવૃત્તિમાં ભાગ લીધો હોય તેના પ્રમાણપત્રો સામેલ રાખી અરજી કરવાની રહેશે. આ કાર્યક્રમમાં સાહસિકે પોતોના જોખમે જોડાવાનું રહેશે. રહેઠાણનો પુરાવો અને ઓળખનો પુરાવો અરજી સાથે સામેલ કરવાનો રહેશે. કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોકનં. ૧૧/૩જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે તા.૨૪/૧૨/૨૦૨૦ કચેરી સમય સુધીમાં અરજી મળી રહે તે રીતે સહાયક નિયામકશ્રી (સાહસ)ના નામે મોકલી આપવાની રહેશે. જેમાં ૧, અરજી પત્રક ૨, ઓળખનો પુરાવો. ૩, રહેઠાણનો પુરાવો ૪, મેડીકલ સર્ટીફિકેટ ૫, એડવેન્ચર પ્રવૃત્તિઓના પ્રમાણપત્રો ૬, વાલીનું સંમતિ પત્રક અને ૭, બાંહેધરી પત્રક (પોતાના જોખમે જોડાવા અંગેનું) સહિતના દસ્તાવેજો જોડી અરજી કરવાની રહેશે તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરની યાદીમાં જણાવાયું છે.

# શહેરી વિસ્તારમાં વસતા ગરીબ પરિવારોને આરોગ્યલક્ષી સારવાર પૂરી પાડવા રાજય સરકાર કટિબદ્ધ

**રાજ્યના મહાનગરો અને એક લાખથી વધુ વસ્તી ધરાવતા નગરોમાં દીન દયાલ ક્લિનીક શરૂ કરાશે : નીતિનભાઈ પટેલ**



ગાંધીનગર, તા. ૨૦

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યના શહેરી વિસ્તારોમાં ગીચ જગ્યાએ વસતા ગરીબોને ઘર આંગણે જ આરોગ્ય સારવાર પૂરી પાડવા રાજ્ય સરકારે મહાનગરો તથા એક લાખથી વધુ વસ્તી ધરાવતા નગરોમાં દીન દયાલ ક્લિનિક કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે.

આજે અમદાવાદના વાડજ વિસ્તારના રામદેવનગર ટેકરા ખાતે આ ક્લિનીક શરૂ કરવા માટે સ્થળ મુલાકાત કર્યા બાદ મીડિયાને માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ વાળી અમારી સરકારે રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર જેવા મહાનગરો તથા એક લાખથી વધુ વસ્તી ધરાવતા નગરોમાં રોજ કમાઈને ગુજરાન ચલાવતા લોકોને ઘરઆંગણે જ આરોગ્ય સારવાર પૂરી પાડવા માટે અંદાજપત્રમાં આ યોજના મંજૂર કરી હતી. પરંતુ કોરોનાના કપરા કાળમાં આરોગ્ય વિભાગ સહિત અન્ય વિભાગો કોરોનાની કામગીરીમાં વ્યસ્ત હતાં જેના પરિણામે હવે સંક્રમણ ઘટતા આ કામગીરીને પ્રાધાન્ય આપીને રાજ્યના મહાનગરો અને નગરોમાં આવા દીન દયાલ ક્લિનિક શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે એ માટે રાજ્યના મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને સ્થળ પસંદગી માટે પણ સૂચનાઓ આપી દેવાઈ છે. ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં અગ્રીમતાના ધોરણે દીન દયાલ ક્લિનીક શરૂ કરાશે. જેમાં આરોગ્ય વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન તથા નગરપાલિકાનો સહયોગ લેવાશે. આ દીન દયાલ ક્લિનિકો પ્રાથમિક શાળા, આંગણવાડી કેન્દ્રો કે હંગામી ધોરણે બાંધકામ કરીને કાર્યરત કરવામાં આવશે.આ ક્લિનિકમાં રોજે સાંજે ૪.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન આ ૅ પ.પી.ડી.દ્વારા એમ.બી.બી.એસ. અને આયુષ ડોક્ટરો દ્વારા વિના મૂલ્યે દર્દીઓને સારવાર તથા દવાઓ પૂરી પાડવામાં આવશે.તેમજ આ વેળાએ કોઈ નાગરિકોને ગંભીર બીમારી જણાશે તો સ્પેશિયાલિટી કે સુપર સ્પેશિયાલિટી સારવાર માટે રીફર કરવામાં આવશે ત્યાં પણ માં યોજના, માં વાત્સલ્ય યોજના અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રૂ ૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

# જન્મદિને વધામણી



રાજેન્દ્રસિંહ ચાવડા



હિતેન્દ્રસિંહ ગોહિલ



લીલાવતી ચિત્રસેન શાહ



હાર્દિક પરીખ
મો. ૯૮૨૪૫ ૧૦૮૦૭



રીતુ જે પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસ. કે. પટેલ કિંડરગાર્ટન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'ગ્રીન ડે' યોજાયો



ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં ગ્રીન ડે યોજાયો. જેમાં બાળકોએ સરસ મજાનાં ગ્રીન કલરનાં કપડાં પહેર્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને લીલાં શાકભાજી ખાવાના ફાયદાઓ જણાવ્યા હતા, તથા તેમાંથી મળતા પ્રોટીન, વિટામિન, ફાયબર જેવા ગુણો ની માહિતી આપી હતી અને તે ખાવાનું મહત્વ પણ સમજાવ્યું હતું. આમ બાળકો બનાવેલી લીલી શાકભાજી તથા કાચા લીલાં શાક પણ લઈને અને લીલા કલરની અલગ અલગ વસ્તુઓ પણ લઈને બેઠા હતા. અને બાળકોએ તેના ફોટાઓ મોકલ્યા હતા. આ ગ્રીન ડે માં વાલીઓએ બાળકોને ખુબજ સપોર્ટ કર્યો હતો, અને બાળકોની સાથે વાલીઓએ પણ ખુબજ આનંદ અનુભવ્યો હતો.

# આજે નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા ગુરૂ-શનિની મહાયુતિ નિહાળવાનું ઓનલાઈન આયોજન

ગાંધીનગર, તા. ૨૦

૨૧ મી ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ ગુરુ તથા શનિ બંને ગ્રહો આશરે છેલ્લા ૪૦૦ વર્ષોમાં સૌથી નજીક આવશે.આ ઘટનાને મહાયુતિ કહે છે. ૨૦૨૦ નું વર્ષ તો કોરોનાની મહામારીમાં ખુબજ દુઃખદાયક રહ્યું . પરંતુ વર્ષનું શામાંપન તો એક અતિ સુઘ્ર તથા ભાગ્યેજ જોવા મળતી ખગોળીય ઘટના થી થશે. ત્યારે બંને ગ્રહો લગભગ એકબીજાને સ્પર્શતા હોય તેમ દેખાશે. બે આકાશીય પદાર્થો એકબીજાની નજીક આવેતો તે ઘટનાને યુતિ કહેવાય. પરંતુ ગુરુ અને શનિ તો એકબીજાની નજીક ૨૦ વર્ષમાં ફક્ત એકવાર નજીક આવે છે, આથી જ આ ઘટનાને મહાયુતિ કહેવામાં આવે છે. આજકાલ સાંજ ના આકાશમાં નૈઋત્ય દિશામાં (દક્ષિણ-પશ્ચિમ) આપણે જોઈએ તો રોજ ગુરુ શનિ ગ્રહની નજીક સરકતો દેખાય છે. સૂર્યાસ્ત પછી તમે બંને ને આસાનીથી નીરખી શકો. પ્રકાશિત દેખાતો ગ્રહ તે ગુરુ અને તેની નજીક માં દેખાતો ઝાંખો ગ્રહ તે શનિ.




૨૧મી ડિસેમ્બર ના રોજ એટલે કે મહાયુતિના દિવસે ગુરુ અને શનિ બંને ગ્રહો એકબીજાથી માત્ર ૦.૧ અંશ જેટલા જ દૂર હશે. બંને મળીને જાણે એક જ ''તારો'' હોય તેવું લાગશે! જો કે ધ્યાન પૂર્વક જુઓ તો બંને ને અલગ અલગ જોઈ શકશો! પછીના દિવસોમાં બંને વચ્ચે અંતર વધતું જશે અને પશ્ચિમ તરફ ગતિ કરતાં કરતાં બંને સૂર્યપ્રકાશમાં વિલીન થઈ જશે. લગભગ છેલ્લા ૪૦૦ વર્ષોમાં, એટલે કે ગૅલિલિઓ દ્વારા ટેલિસ્કોપની શોધ પછી સૌથી નજીકમાં ગુરુ અને શનિ બંને ગ્રહો આવ્યા હોય તેવી આ પ્રથમ મહાયુતિ હશે. બંને ગ્રહોની મહાયુતિ તો ૨૦ વર્ષ ના અંતરે થતી રહે છે, પરંતુ આટલા નજીક તો જવલ્લે જ આવે છે .

તેને ધ્યાનમાં લઈ ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા અને ઝૂકીઝ ઓબ્ઝરવેટરી ના સયુંકત ઉપક્રમે મહાયુતિ નિહાળવા માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ વિશેષ પળ નિહાળવા માટેનો સમય સાંજે ૬:૦૦ વાગે તજજ્ઞોની લાઈવ કોમેન્ટ્રી સાથે https://www.facebook.com/NisargScienceCentre/live/ ના માધ્યમથી નિહાળી શકાશે. ૨૧ મી ડિસેમ્બરના રોજ મહાયુતિનું અલૌકિક દ્રશ્ય જોવાનું ચૂકશો નહીં. નહિ તો ૦૨ નવેમ્બર ૨૦૪૦કે૦૭એપ્રિલ ૨૦૬૦સુધી રાહ જોવી પડશે! પણ ત્યારે આ બંને ગ્રહો આટલા નજીક નહિ હોય. તેમની વચ્ચેનું અંતર ૧.૧ અંશ અર્થાત્ આ વખતે હશે.

# ખેડા જિલ્લાના ભાજપના વરિષ્ઠ કાર્યકરોનું બહુમાન કરાયું

**આર.એસ.એસ. અને ભાજપમાં પોતાનું યોગદાન આપનાર અગ્રણીઓ સન્માનથી ભાવવિભોર**

નડીઆદ તા, ૨૦

ખેડા જીલ્લા ભારતીય જનતા પાર્ટીના મુખ્ય મથક નડીઆદ કમલમ ખાતે આજે જીલ્લાના આર.એસ.એસ તથા ભાજપમાં પોતાનું યોગદાન આપીને પક્ષને બળવતર બનાવનાર ૧૦૦ અગ્રણીઓનું સાલ ઓઢાળી પુષ્પગુંજ આપી બહુમાન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે જીલ્લા ભાજપના પ્રમુખ અને મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહજી ચૌહાણ, સર્સદ સભ્ય દેવુસિંહજી ચૌહાણ, મુખ્ય દંડક અને નડીઆદના લોકલાડીલા ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, મહામંત્રી વિકાસભાઈ શાહ, વિપુલભાઈ પટેલ, નટુભાઈ સોઢા સહીત ભાજપના તમામ નવનિયુકત હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જીલ્લામાં ભારતીય જનતા પક્ષને વધુ મજબુત બનાવવા માટે પરિવાર અને સમયનો ભોગ આપનારા સૌ સન્માનિત અગ્રણીઓ સન્માનથી ભાવવિભોર બની ગયા હતા.



આ પ્રસંગે સન્માનિત થયેલ અગ્રણીઓમાં નડીઆદ શહેરના ડૉ.કે.ડી જેસ્વાણી, ભીમસિંહ ઝાલા, ઉપેન્દ્રભાઈ ભટ્ટ, દિપકભાઈ દવે, દિનેશભાઈ દતણીયા, સુરેશભાઈ ભટ્ટ, મનુભાઈ મકવાણા, સુરેશભાઈ શાહ, ભાસ્કરભાઈ, મુલચંદભાઈ લાલવાણી, વિભાબેન પટેલ, શ્યામભાઈ મિસ્ત્રી, નડીઆદ તાલુકાના જીવાભાઈ ઝાલા, ધનશ્યામભાઈ પટેલ, જનકભાઈ પટેલ, જશંવતભાઈ જામ, અને કેસરીસિંહ પરમાર, તથા કણજરીના રાવજીભાઈ બારૈયા, મહેમદાવાદ શહેરના વિનુભાઈ બારોટ, યોગેશભાઈ પટેલ, મહેમદાવાદ તાલુકાના કિરણસિંહ ડાભી, સુરેશભાઈ ઉર્ફે સોમભાઈ પટેલ, પ્રફુલ્લભાઈ પટેલ, ડૉ.વિનુભાઈ જોષી, ડ.ઉપેન્દ્રભાઈ ભદ, બાબુભાઈ સોથવાયાણી, કપડવંજ શહેરના પુનિતભાઈ કેશવલાલ ભટ્ટ, અને કેશાભાઈ પટેલ, કપડવંજ તાલુકાના બાબુભાઈ પટેલ, પ્રિતમભાઈ રોહિત, વિનુભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ, મણીભાઈ પટેલ, કઠલાલ તાલુકાના પોપટભાઈ ઝાલા, બંસીલાલ પ્રજાપતિ, નટુભાઈ ડાભી, સીમાબેન ઝાલા, રાવજીભાઈ ડાભી, કનુભાઈ ડાભી, મોતીસિંહ ડાભી, અંબાલાલ પટેલ, અરૂણભાઈ અને નાથાભાઈ, કઠલાલ શહેરના અરવિંદભાઈ શર્મા અને ગુણવંતભાઈ સુથાર, ખેડા તાલુકાના અજીતસિંહ વાઘેલા, સુરેશભાઈ વાઘેલા, દોલતસિંહ પરમાર, અનિતાબેન પરમાર, ભગવાનસિંહ ચાવડા, કે.કે.ચાવડા, જેસંગભાઈ ચાવડા, કાબોકો કા (ભરવાડ), ખેડા શહેરના સી.બી.શાહ, ધનશ્યામભાઈ રાજપૂત અને કમળાબેન પરમાર, માતર તાલુકા કમલેશભાઈ પટેલ, જનકસિંહ ઝાલા, ભુપેન્દ્રભાઈ પટેલ, વસો તાલુકાના ભીમાભાઈ રાઠોડ, મંગળભાઈ સોલંકી, મહેન્દ્રભાઈ અમીન, રાકેશભાઈ રાવ, તારાબેન મોચી, ઉપેન્દ્રભાઈ જાની મનભાઈ પરમાર, પુનમભાઈ ચૌહાણ અને અશોકભાઈ છોટાભાઈ પટેલ, મહુધા તાલુકાના ડાહ્યાભાઈ સોલંકી, કાભઈભાઈ પટેલ,



બહાદરસિંહ, જયેશભાઈ પટેલ, છગનભાઈ ભોજાણી, ડૉ.હંસરાજભાઈ પટેલ, ચંદુભાઈ તળપદા, સત્યનારાયણ શાહ, મકંદભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ ગળતેશ્વર તાલુકાના વિનોદભાઈ ખંભોળજા, વિનુભાઈ પટેલ, ગણપતભાઈ અરોરા નો સમાવેશ થાય છે.




ગાંધીનગર ખાતે આવેલ એસ.એસ.સી કેમ્પસના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ એ વૃક્ષોનું જતન કરવા, માવજત કરવા અને પર્યાવરણની સાચવણી કરવા માટે 'વૃક્ષો વાવો, જીવન બચાવો', 'વૃક્ષ એજ જીવન છે', 'પર્યાવરણને બચાવો, તે તમને બચાવશે' જેવા સ્લોગનના પોસ્ટર બનાવીને જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો.





# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના એમ.એ.ના બે વિદ્યાર્થીઓએ નેટની પરીક્ષા ઉત્તીર્ણ કરી ગૌરવ વધાર્યું

ચિલોડા, તા. ૨૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ ખાતે કાર્યરત બી.એ., એમ.એ. વિભાગના અંગ્રેજી વિભાગ-અનુસ્નાતક એમ.એ.માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓએ અંગ્રેજી સાહિત્યમાં વિશ્વવિદ્યાલય કક્ષાએ અધ્યાપક તરીકે નિમણૂંક માટે યોગ્યતા કસોટી - નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ NET પાસે કરી ગૂજરાત વિદ્યાપીથ અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલનું ગૌરવ વધાર્યું છે.





આ વર્ષે લેવાયેલ NETની પરીક્ષામાં એમ.એ. સત્ર-૪ના લાલાભાઈ રુઘનાથ રબારી અને સત્ર-ઉના રાણાના પાંચાભાઈ વાઘેલા - નેટ અને જેઆઈઈકે જે બંને વિદ્યાર્થીઓ ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાંથી આવે છે. તેમણે પ્રથમ પ્રયત્નો આ એકંદરે કઠીન ગણાતી પરીક્ષા પાસ કરી તેમના કુટુંબ, સમાજ અને મહાવિદ્યાલયનું વિશેષ ગૌરવ વધાર્યું છે. ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર અને સંસ્થાના સંયોજક રમેશભાઈ પટેલ દ્વારા તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# મોટેરા - ગાંધીનગરનું ગૌરવ



ગાંધીનગર,તા. ૨૦

ગાંધીનગરના સામાજિક કાર્યકર અને હિન્દી ગુજરાતી સાહિત્યકાર, અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના સુપુત્ર પ્રદિપ પટેલને આજે તારીખ ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પી એચ ડી ની ડીગ્રી એનાયત કરવામાં આવી છે.

આ ડીગ્રી પ્રદિપ પટેલને 'લાઈબ્રેરી સાયન્સ /આર્ટ્સ' વિષયમાં સંશોધન નિબંધ માન્ય રાખી એનાયત કરવામાં આવી છે.

પ્રદિપ પટેલ હાલમાં ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં લાઈબ્રેરીયન તરીકે ફરજ બજાવે છે. પ્રદિપ ગુજરાતી હિન્દીના એક સારા કવિ પણ છે. તેઓને ૧૯૯૯માં ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના કેન્દ્રીય હિન્દી નિદેશાલય નવી દિલ્હી દ્વારા આયોજીત સર પરશુરામ કૉલેજ પુણે ખાતે હિન્દી નવ લેખક શિબિરમાં નિમંત્રણ મળતા ઉપસ્થિત રહ્યા હતા અને પ્રમાણ પત્ર પ્રાપ્ત કર્યુ હતુ